ખોટી ઓળખનો ઉપયોગ કરીને દાહોદની બેન્કમાંથી લોન મેળવવાનો કાવતરું રચ્યું હતું

6.34 કરોડ SBI કૌભાંડ : 31 આરોપી સામે પોલીસે 9000 પાનાની ચાર્જશીટ દાખલ કરી

(પ્રતિનિધિ) દાહોદ, તા.13

દાહોદ શહેરમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની બે અલગ અલગ શાખાઓમાં થયેલા રૂ. 6.34 કરોડના લોન કૌભાંડના ગુનાનો ભેદ આખરે ખુલ્લો પડી ગયો છે. પોલીસે લાંબી અને વિસ્તૃત તપાસ બાદ કુલ 9000 પાનાની ચાર્જશીટ કોર્ટમાં દાખલ કરી છે. આ કૌભાંડમાં કુલ 31 આરોપીઓ, જેમાં બેન્કના પૂર્વ મેનેજરો, એજન્ટો અને લોનધારકોનો સમાવેશ થાય છે.

માહિતી મુજબ, આરોપીઓએ નકલી પગાર સ્લિપ્સ, બોગસ દસ્તાવેજો અને ખોટી ઓળખનો ઉપયોગ કરીને બેન્કમાંથી ગેરરીતે લોન મેળવવાનો કાવતરું રચ્યું હતું. જુલાઈ 2025માં બહાર આવેલ આ પ્રકરણમાં દાહોદ બી ડિવિઝન પોલીસ મથકે બે અલગ ફરિયાદો નોંધાઈ હતી.

પ્રથમ કેસમાં એસબીઆઈની એક શાખાના બ્રાન્ચ મેનેજર ગુરમિતસિંહ પ્રેમસિંહ બેદી અને 19 લોનધારકો સામે ગુનો નોંધાયો હતો, જ્યારે બીજા કેસમાં એસબીઆઈ સ્ટેશન રોડ શાખાના મેનેજર મનીષ વામનરાવ ગવલે અને 10 લોનધારકો સંડોવાયા હતા. કૌભાંડ સમયગાળો 1 સપ્ટેમ્બર 2021 થી 20 જૂન 2024 વચ્ચેનો હોવાનું બહાર આવ્યું છે. બેન્કની આંતરિક તપાસ બાદ અધિકારી નિતિન ગોપીરામ પુડીંગે દ્વારા સત્તાવાર ફરિયાદ નોંધાવતાં પોલીસએ ગુનાની તપાસ હાથ ધરી હતી. આરોપીઓએ બનાવટી શિક્ષક, એસ.ટી. ડ્રાઈવર વગેરે તરીકે ખોટી ઓળખ બનાવી હતી. લોન મેનેજમેન્ટ સિસ્ટમ (RLMS) માં નેટ સેલેરીના બદલે ગ્રોસ સેલેરીની ખોટી એન્ટ્રી કરીને વધુ રકમની લોન મંજૂર કરવામાં આવી હતી. તે ઉપરાંત, કેટલાક કેસોમાં NPA કે ઓવરડ્યુ ખાતા હોવા છતાં મેનેજરોએ નિયમોનું ઉલ્લંઘન કરીને લોન મંજૂર કરી હતી. આરોપીઓએ નોકરીનું સ્થળ ખોટું બતાવ્યું અને દસ્તાવેજોની ચકાસણી કર્યા વિના બેન્ક અધિકારીઓએ મોટી લોન રકમ મંજુર કરી દીધી. પોલીસે તમામ પુરાવા, દસ્તાવેજો, સાક્ષીઓના નિવેદનો અને બેન્ક રેકોર્ડ સાથે ચાર્જશીટ તૈયાર કરી. ચાર્જશીટના ઝેરોક્ષ માટે જ પોલીસને 28 હજાર રૂપિયાનો ખર્ચ થયો હોવાનું જાણવા મળ્યું છે. આ સાથે જ દાહોદના નકલી એન.એ. કેસમાં પણ 2600 અને 6370 પાનાની ચાર્જશીટો મળી કુલ 8970 પાનાની નોંધ કોર્ટમાં કરવામાં આવી હતી. આ સમગ્ર કૌભાંડ દાહોદ જિલ્લાના બેન્કિંગ સિસ્ટમમાં મોટી ખામીઓ અને ભ્રષ્ટાચારના જાળનું ઉદાહરણ ગણાય છે. હવે કોર્ટમાં આ કેસની કાર્યવાહી શરૂ થશે અને દોષિતોને કાયદેસર સજા થાય તેવી અપેક્ષા વ્યક્ત થઈ રહી છે.

કુદરતી આપત્તિમાં પ્રાથમિક સારવાર અને બચાવ કામગીરીની તાલીમ અપાઈ

ઝાલોદ નગરપાલિકા સભાખંડમાં NDRF દ્વારા આપદા વ્યવસ્થાપન પર માર્ગદર્શન

(પ્રતિનિધિ) ઝાલોદ, તા.13

ઝાલોદ નગરપાલિકા સભાખંડ માં રાષ્ટ્રીય આપદા પ્રતિસાદ દળ (NDRF) દ્વારા આપદા વ્યવસ્થાપન અંગે વિસ્તૃત માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કુદરતી આપત્તિ સમયે પ્રાથમિક સારવાર, સુરક્ષા પગલાં અને બચાવ કામગીરી પર ભાર મૂકવામાં આવ્યો હતો. ઝાલોદ મામલતદાર શૈલેન્દ્ર પરમાર, ચીફ ઓફિસર યોગેશ ગણાત્રા, GSDMA-DPO જયેશકુમાર ગાડીલુહાર અને NDRF-6 બટાલિયનના ઈન્સ્પેક્ટર અજય પંથ સહિત કાઉન્સિલરો, ફાયરબ્રિગેડ કર્મચારીઓ અને નગરપાલિકા સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં NDRF ટીમે અચાનક

સર્જાતી કુદરતી આપત્તિઓ અથવા કટોકટીના સમયે સામાન્ય નાગરિકો શું પ્રાથમિક પગલાં લઈ શકે તે અંગે માહિતગાર કર્યા હતા. ટીમે ઘરેલુ નુસખા દ્વારા અપાતી સારવાર અને જીવ બચાવવા માટે તાત્કાલિક સહાય કેવી રીતે પહોંચાડી શકાય તેની વ્યવહારિક રીતો સમજાવી હતી. હાજર સભ્યોને હાથવગી સામગ્રીનો ઉપયોગ કરીને પ્રાથમિક સારવાર આપવાનું પ્રત્યક્ષ નિદર્શન પણ કરાયું હતું. ભારત સરકારે આપદા વ્યવસ્થાપન અધિનિયમ- 2005 હેઠળ વર્ષ 2006માં NDRFની રચના કરી હતી. આ દળ દેશવ્યાપી કુદરતી તેમજ માનવસર્જિત આપત્તિઓની સ્થિતિમાં મહત્વપૂર્ણ બચાવ અને રાહત કામગીરી કરે છે. પૂર, ભૂકંપ, ચક્રવાત, આગ અને ભૂસ્ખલન જેવી આપત્તિઓ દરમિયાન NDRF તાત્કાલિક પહોંચીને બચાવ કામગીરી હાથધરે છે.

લીમખેડાના નવાનગર ડોબાણ રોડ પર રિસર્ફેસિંગની કામગીરી

(પ્રતિનિધિ) લીમખેડા, તા.13

લીમખેડાના નવાનગર ડોબાણ રોડ પર માર્ગ મકાન પંચાયત વિભાગ દ્વારા કરવામાં આવી રિસર્ફેસિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી દાહોદ જિલ્લામાં કમોસમી વરસાદના કારણે ક્ષતિગ્રસ્ત થયેલ રોડ-રસ્તાઓ વરસાદ રોકાતા રીપેરીંગની અને રિસર્ફેસિંગની કામગીરી ચાલુ કરવામાં આવી છે. જેમાં લીમખેડા તાલુકાના નવાનગર ડોબાણ રોડ પર માર્ગ અને મકાન વિભાગ પંચાયત દ્વારા રિસર્ફેસિંગની કામગીરી કરવામાં આવી છે. માર્ગ અને મકાન વિભાગ પંચાયત દ્વારા આગામી દિવસોમાં આયોજનબદ્ધ રીતે પેચવર્ક તથા રોડ-રસ્તાઓ રીપેરીંગ કામગીરી અને રિસર્ફેસિંગની કામગીરી ચાલુ રહેશે. નાગરિકો માટે પરિવહન સુગમ બને એ બાબતને પ્રાથમિકતા આપીને તમામ રાજ માર્ગો પર કામગીરી કરવામાં આવી રહી છે.

ગોધરાના ભથવાડા ટોલનાકા પાસે ગમખ્વાર અકસ્માત

લગ્ન પ્રસંગમાં જઈ રહેલા વડોદરાના શાહ પરિવારના 5 સભ્યોને ગંભીર ઈજા

(પ્રતિનિધિ) ગોધરા, તા.13

ગોધરા શહેર નજીક આવેલા ગોધરા-દાહોદ હાઈવે માર્ગ પર સંતરોડ પાસેના ભથવાડા ટોલનાકા નજીક ગઈકાલે વહેલી સવારે અકસ્માત સર્જાયો હતો. જેમાં લગ્ન પ્રસંગમાં હાજરી આપવા જઈ રહેલા એક જ પરિવારના પાંચ સભ્યો ઈજાગ્રસ્ત થયા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર, વડોદરા જિલ્લાના આજવા રોડ પર આવેલી ઓમકાર સોસાયટીમાં રહેતો શાહ પરિવાર કારમાં સવાર થઈને વડોદરાથી મધ્યપ્રદેશના શિહોર ગામે એક લગ્ન પ્રસંગમાં જઈ રહ્યો હતો. તે દરમિયાન ભથવાડા ટોલનાકા પાસે તેમની કાર અચાનક કાબૂ ગુમાવતા

હાઈવેની સાઈડમાં આવેલી રેલિંગ સાથે અથડાઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે કાર રેલિંગ કૂદીને સાઈડમાં ફંગોળાઈ ગઈ હતી. આ ગંભીર અકસ્માતમાં કારમાં સવાર નિધિ શાહ, સંગીતા શાહ, કરણ શાહ, અમીશા શાહ અને કોકિલા શાહ એમ પાંચેય વ્યક્તિઓ ગંભીર રીતે ઘવાયા હતા અને પીડાને કારણે બૂમો પાડી રહ્યા હતા. ઘટનાની જાણ થતાં જ 108 એમ્બ્યુલન્સની ટીમે સ્થળ પર પહોંચી તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા. જોકે, પાંચેય ઈજાગ્રસ્તોને શરીરે ગંભીર પ્રકારના ફ્રેક્ચર થયા હોવાથી અને તેમની હાલત નાજુક હોવાથી સિવિલ હોસ્પિટલના ફરજ પરના તબીબોએ તેમને વધુ સારવાર માટે વડોદરાની એસએસજી હોસ્પિટલ ખાતે રિફર કર્યા હતા. સ્થાનિક પોલીસે ઘટનાસ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરી છે.

ગોધરા ધારાસભ્યએ ખેડૂતોની લાગણી સમજી

કમોસમી વરસાદથી પાકોને થયેલા નુકસાનનુ વળતર ચૂકવવા કૃષિ મંત્રીને રજુઆત કરી

(પ્રતિનિધિ) ગોધરા, તા.13

ગોધરા વિધાનસભાના ધારાસભ્ય સી.કે. રાઉલજીએ રાજ્યના કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી સાથે ગાંધીનગર ખાતે મુલાકાત કરીને પંચમહાલ જિલ્લાના ખેડૂતોના પ્રશ્નો સંદર્ભે વિગતવાર રજૂઆત કરી હતી. ધારાસભ્યએ રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં જાહેર કરાયેલા 10,000 કરોડના કૃષિ રાહત પેકેજ અને ટેકાના ભાવે ખરીદીની સરાહના કરી હતી અને જિલ્લાના ખેડૂતો વતી રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. ભારતીય કિસાન સંઘ, પંચમહાલ દ્વારા ધારાસભ્ય , ગોધરાને સહાય અંગેના પ્રશ્ન બાબતે રજૂઆત કરવામાં આવેલ. જે રજૂઆત અંગે કૃષિ મંત્રીનું ધ્યાન દોર્યું હતું. ધારાસભ્ય સી.કે. રાઉલજીએ કૃષિ મંત્રીશ્રીને ભલામણ કરી કે, તમામ નુકસાન પામેલા પાકોને રાહત પેકેજ હેઠળ આવરી લેવામાં આવે અને તાત્કાલિક ધોરણે પંચમહાલ જિલ્લામાં નુકસાન પામેલા તમામ ખેતીના પાકોનું રોજકામ કરવામાં આવે.આ રજૂઆતને પગલે, કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ હકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો અને સંબંધિત વિભાગ તેમજ જિલ્લા ખેતીવાડી અધિકારીને સૂચના આપી હતી કે પંચમહાલના તમામ ખેતીના પાકોની નુકસાનીનું સર્વેક્ષણ કરવામાં આવે અને કોઈ પણ ખેડૂત સહાયથી વંચિત ન રહે. આ રજુઆત સમયે ધારાસભ્ય ગોધરા સાથે કિસાન મોરચાના પ્રમુખ ખુમાનસિંહ ચોહાણ, એ.પી. એમ.સી ચેરમેન પ્રવિણસિંહ રાઉલજી, પંચમહાલ જિલ્લા ખરીદ વેચાણ સંઘ લિ.ના ચેરમેન ચંદ્રસિંહ રાઉલજી સહિતના પ્રતિનિધિ મંડળે પણ ભાગ લીધો હતો.

ઝાલોદ 130 વિધાનસભામાં SIR અભિયાન શરૂ: મતદારોના દસ્તાવેજોની ચકાસણી

(પ્રતિનિધિ) ઝાલોદ, તા.13

ઝાલોદ 130 વિધાનસભા ક્ષેત્રમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) અભિયાનનો પ્રારંભ થયો છે. આ અંતર્ગત મતદારોની માહિતીની પુનઃચકાસણીનું કાર્ય ઝડપથી ચાલી રહ્યું છે. ઝાલોદ પ્રાંત અધિકારી એ.કે. ભાટિયાના માર્ગદર્શન હેઠળ, બૂથ લેવલ ઓફિસર (BLO) ટીમો ઘરે ઘરે જઈને દરેક મતદારના દસ્તાવેજોની તપાસ કરી રહી છે

આ અભિયાનના ભાગરૂપે, BLO દ્વારા મતદારોના ઘરે જઈને વર્તમાન મતદાર યાદી મુજબની જરૂરી માહિતીની ચકાસણી કરવામાં આવી રહી છે. 27 ઓક્ટોબર સુધીમાં દરેક મતદાર માટે યુનિક એન્યુમરેશન ફોર્મ (EFS) પ્રિન્ટ કરવામાં આવશે, જેમાં મતદાર યાદીની વર્તમાન વિગતો સામેલ હશે.

દાહોદ LCB પોલીસે બૂટલેગરની પાસા હેઠળ અટકાયત કરી ભુજ જેલમાં ધકેલ્યો

(પ્રતિનિધિ) પીપલોદ, તા.13

દાહોદ જિલ્લામાં પ્રોહીબિશનના કાયદાનો કડક અમલ સુનિશ્ચિત કરવા માટે પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ દાહોદ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલ.સી.બી.) દ્વારા સતત કાર્યવાહી હાથ ધરાઈ રહી છે. ગેરકાયદેસર દારૂના ધંધામાં સંડોવાયેલા અને વારંવાર પ્રોહીના ગુનાઓ કરતા બુટલેગરો સામે કડક પગલાં લેવા તથા પાસા વોરંટની બજવણી કરવા જિલ્લા પોલીસ અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી. આ અનુસંધાને એલ.સી. બી. ટીમે લાંબા સમયથી ફરાર ચાલતા અને પ્રોહીના ગુનાઓમાં સંડોવાયેલા ખતરનાક બુટલેગર અશ્વિનભાઈ ઉર્ફે બેટરી જેસીંગભાઈ કોળી, રહે. ભથવાડા, અંધારી ફળીયું, તા. દેવગઢબારીયા, જી. દાહોદને

ઝડપ્યો હતો. આરોપી વિરુદ્ધ કલેકટર યોગેશ બી. નિરગુડે (IAS) દાહોદ નાઓએ પાસા હેઠળ અટકાયતનો હુકમ આપ્યો હતો. આરોપી વિરુદ્ધ નીચેના ગુનાઓ નોંધાયેલા છે: (૧) પીપલોદ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૮૨૧૦૫૨૨૫૦૨૭૬/૨૦૨૫ – પ્રોહી કલમ ૬૫(ઈ), ૮૧, ૯૮(૨), ૧૧૬(બી) મુજબ (૨) દાહોદ રૂરલ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૮૨૧૦૦૮૨૫૦૨૨૯/૨૦૨૫ – પ્રોહી કલમ ૬૫(ઈ), ૮૧, ૯૮(૨), ૧૧૬(બી) મુજબ દાહોદ એલ.સી. બી.એ આરોપીને કાયદેસર કાર્યવાહી બાદ પાલારા ખાસ જેલ, ભુજ ખાતે મોકલી આપ્યો છે. આ કડક પગલાથી જિલ્લામાં પ્રોહીબિશનના કાયદાના અમલને વધુ વેગ મળ્યો છે અને બુટલેગરોમાં ભયનું વાતાવરણ સર્જાયું છે.

દાહોદ તાલુકાના ટીબરડા ગામે હોળી ફળિયામાં ભીષણ આગ

અંદાજે રૂપિયા ૯૦ હજાર જેટલું નુકસાન થવા પામ્યું હતું

(પ્રતિનિધિ) દાહોદ, તા.13

ગઈ કાલે ઢળતી સાંજે દાહોદ તાલુકાના ટીંબરડા ગામે કાચા નળિયાવાળા એક મકાનમાં આકસ્મિક રીતે આગ લાગી જતાં લાકડા તથા ઘરવખરીના સામાન સાથે કાચું નળિયાવાળું મકાન સંપૂર્ણ બળીને ખાક થઈ જતા અંદાજે રૂપિયા ૯૦ હજારનું નુકસાન થયાનું કાચા નળિયાવાળા મકાનમાં ગઈ કાલે ઢળતી સાંજના ચારેક વાગ્યાના સુમારે આકસ્મિક રીતે આગ લાગી જતા જોતજોતામાં આગ પ્રચંડ બની હતી. અને ફાયર સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ તાલુકાના ટીંબરડા ગામે હોળી ફળિયામાં રહેતા નારુભાઈ જેતાભાઈ ભાભોરના આખું મકાન આગની લપેટમાં આવી ગયું હતું. ઘટનાની જાણ દાહોદ ફાયર સ્ટેશને કરવામાં આવતાં ફાયર બ્રિગેડના લાશ્કરો ફાયર ફાઈટર સાથે ઘટના સ્થળે દોડી આવ્યાં હતા. અને પાણીનો સતત મારો ચલાવી આગ ઓલવવાની કામગીરી હાથ ધરી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવી આગ ઓલવી નાખી વધુ નુકસાન થતું અટકાવ્યું હતું. આગમાં લાકડા, અનાજ, કપડાં- લત્તા તથા ઘરવખરીના સામાન સાથે કાચું નળિયા વાળું ઘર સંપૂર્ણ બળીને ખાક થઈ જતા આગમાં અંદાજે રૂપિયા ૯૦ હજાર જેટલું નુકસાન થવા પામ્યું હતું. ત્યાં સુધી આગ લાગવાનું સાચું કારણ જાણવામાં મળ્યું નથી.

ઉતરેડિયા ગામે નીલગીરીના વૃક્ષોનું કટીંગ કરી વેચી દેનાર સામે મામલતદાર પોલીસ સહિત ઉચ્ચ કક્ષાએ રજૂઆત



કાલોલ : કાલોલ તાલુકાના ઉતરેડીયા ગામે સર્વે નંબર 169 ની જમીનના માલિક મણીબેન મંગળભાઈ પ્રણામી ની માલિકીની જમીનમાં વર્ષ 2023 માં 12,500 /જેટલા નીલગીરીના રોપાનું વાવેતર કરવામાં આવ્યું હતુ અને આ સમયે ગામના દિનેશભાઈ ગણપતભાઈ બારીયા નામના ઇસમને આ રોપાઓની સાચવણી અને જાળવણી માટે યોગ્ય વળતરની શરતે જાળવણી માટે રાખેલા હતા ગત તા ૦૫/૧૧/૨૦૨૫ ના રોજ દિનેશભાઈ બારીયા અને તેઓના મળતીયા ઈસમો દ્વારા જમીન માલિકોની કોઈપણ પ્રકારની મંજૂરી કે જાણકારી વગર અડધા લીલાછમ નીલગીરીના વૃક્ષોનું કટીંગ કરાવી કાપી નાખી, કોઈપણ સક્ષમ અધિકારીની પૂર્વ મંજૂરી લીધા વગર બારોબાર અન્ય ઈસમોને વેચી દીધા આ બાબતની જાણ જમીન માલિકના પુત્ર ભરતકુમાર પ્રણામી ને થતા તેઓ સ્થળ ઉપર આવ્યા હતા અને ત્યારબાદ કાલોલ પોલીસ મથક તેમજ કાલોલ મામલતદાર અને ગોધરા પ્રાંત અધિકારી સહિત ફોરેસ્ટ વિભાગને લેખિતમાં જાણ કરી દિનેશભાઈ બારીયા તથા મળતીયાઓ સામે નીલગીરી ના વૃક્ષો ની ચોરી બાબતે કાયદા મુજબની કાર્યવાહી કરવા માંગ કરી છે.

વીમા કંપનીમાંથી વળતર મેળવવા ખોટી ફરિયાદ કરનાર 6 સામે પોલીસ કાર્યવાહી

(પ્રતિનિધિ) દાહોદ, તા.13

છ વર્ષ અગાઉ છકડાની ઉપર બેસીને જઈ રહેલ યુવક રાયણના ઝાડની ડાળી અથડાવવાથી નીચે પડી જતા તેનું સારવાર દરમિયાન મોત નીપજયું હોવા છતા વીમા કંપની માંથી વળતર મેળવવા સારું ભેગા મળી એકબીજાની મદદગારીથી અકસ્માતમાં સંડોવાયેલ વાહન પીકપ ગાડી ખોટી રીતે ફરિયાદમાં દર્શાવી છેતરપિંડી કરી પોલીસ તેમજ ઈન્સ્યોરન્સ કંપની સાથે ગેરરીતિ કર્યાનું સામે આવતા છ જણા સામે પોલીસ ફરિયાદ થયાનું પોલીસ સૂત્રો દ્વારા સત્તાવાર જાણવા મળ્યું છે. તારીખ ૧૯-૯-૨૦૧૯ ના રોજ સાંજના સાડા પાંચ વાગ્યાના સુમારે દેવગઢબારિયા તાલુકાના કાળીડુંગરી ગામના લહેરી ફળિયામાં રહેતા વીરસીંગભાઈ ભાધરભાઈ પટેલનો છોકરો દીપક પટેલ જી.જે.૨૦-૨૯૮૦ નંબરના છકડાની ઉપર બેસીને જતો હતો તે દરમિયાન રસ્તામાં રાયણના ઝાડની ડાળી સાથે અથડાવાથી તે નીચે પડી જતા તેને ગંભીર ઈજાઓ પહોંચતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડયો હતો જ્યાં તેનો સારવાર દરમિયાન મોત નીપજયું હતું. આ સત્ય હકીકત મરણજનાર દીપક પટેલના પિતા કાળીડુંગરી ગામના વીરસિંગભાઈ ભાધરભાઈ પટેલ, છકડા નો માલિક બૈણા ગામના આપસિંગભાઈ કલાભાઈ પટેલ જાણતા હોવા છતાં તેઓએ તારીખ ૫-૧૦-૨૦૧૯ના રોજ દેવગઢબારિયા પોલીસ સ્ટેશનમાં જઈ પોલીસ સ્ટેશનમાં ફરજ પરના પીએસઓ ગિરવતસિંહ તેરસિંહને ખોટી માહિતી આપી ખોટી ફરિયાદ નોંધાવી અને પીકપ ગાડીના ડ્રાઈવર તરીકે બૈણા ગામના હર્ષદભાઈ ગોપાલભાઈ બારીયા પોતે સત્ય હકીકત જાણવા છતાં પોલીસ સ્ટેશનમાં રજૂ થયો હતો આમ કાળી ડુંગરી ગામના લહેરી ફળિયામાં રહેતા વીરસીંગભાઈ બાધરભાઈ પટેલ તથા બૈણા ગામના છકડા માલિક આપસિંગ કલાભાઈ પટેલ, ફુલસિંગ બળવંતભાઈ પટેલ, દિનેશભાઈ ભળવંતભાઈ પટેલ, ઈશ્વરભાઈ કલાભાઈ પટેલ તથા હર્ષદભાઈ ગોપાલભાઈ બારીયા એમ છ જણાએ એક બીજાની મદદગારી કરી વીમા કંપનીમાં વળતર મેળવવા સારું અકસ્માતમાં સંડોવાયેલ વાહન પીકપ ગાડીને ખોટી રીતે ફરિયાદમાં દર્શાવી ખોટી માહિતી આપી ખોટી ફરિયાદ નોંધાવી છેતરપિંડી કરી ઉપરોક્ત તમામ આરોપીઓએ ગોડીજીટ જનરલ ઈન્શ્યોરન્સ કંપનીના પ્રજ્ઞેશભાઈ કિરીટભાઈ વ્યાસને વળતર મેળવવા સારું ખોટી માહિતી આપી ખોટા વાહનનો ઉપયોગ કરી પોલીસ તેમજ ઈન્સ્યોરન્સ કંપનીને ગેરમાર્ગે દોરી ગેરરીતી આચરી હતી.

મોટી લછેલી ગામે કાચું મકાન ધરાશાયી થતા ત્રણ લોકો દબાયા

દાહોદ : દાહોદ તાલુકાના મોટી લછેલી ગામે એક કાચા મકાનમાં એક મહિલા અને બે બાળકીઓ રાત્રિ દરમિયાન નીંદર માણી રહ્યા હતા તે સમયે અચાનક તેમનું મકાન ધરાશાયી થતા ત્રણેય જણા દબાઈ ગયા હતા આ ઘટના બનતા ગુમાબૂમ થતા વિસ્તારના લોકો દોડી આવ્યા હતા બાદ ત્રણેયને મકાનના પડી ગયેલા કાટમાલ નીચેથી બહાર કાઢ્યા હતા તેમને ઈજા થતાં સારવાર અર્થે ૧૦૮ ની મદદથી દાહોદના સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા જોકે સદનસીબે કોઈ જાનહાની થઈ ન હતી. પરંતુ મકાન પડી જતા પરિવારને ભારે નુકસાન થયું હોવાનું જોવા મળે છે આ ઘટના બનતા મોટી લછેલી ગામમાં દોડધામ મચી હતી.

હાલોલમાં પાડોશણના ત્રાસથી કંટાળેલી મહિલા અભયમના શરણે

હાલોલ : હાલોલ અભયમની ટીમને મહિલાએ કોલ કરી તેમના પાડોશમાં રહેતા એક બેન દ્વારા હેરાનગતિ હોવાથી તેમને સમજાવવા માટે અભયમની મદદ માંગી હતી. જેથી અભયમની ટીમે ઘટનાસ્થળ પર પહોંચીને કાઉન્સેલિંગ કર્યું હતું પીડિતા બેન સાથે વાત કરતા જાણવા મળ્યું હતું કે તેમના ઘરની સામેના ઘરના બેન તેમના પતિ સાથે સંબંધનો વહેમ કરીને તેમની સાથે મારપીટ કરે છે અને અપશબ્દો બોલ્યા કરતા હોય છે. પીડિતા જ્યારે તેમના કાર્યસ્થળ પર કામ કરતા હતા ત્યારે તેમની પડોશી મહિલાએ તેની માતા અને નણંદ સાથે આવીને તેમને માર માર્યો હતો. બીજા દિવસે સવારમાં પીડિતા બેન ના દીકરી શાળામાંથી પરત આવતા હતા તે સમયે પાડોશી બોલવા લાગ્યા કે તેના છોકરાઓને પણ મારી નાખીશ.

જાહેર નોટીસ એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં

કેસ.નં.૩૮૧/૨૦૨૫

અરજદાર : ભાભોર વનિતાબેન કનુભાઇ
રહે.નાંદવા, તા.ગરબાડા, જિ.દાહોદ
વિરૂદ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, દાદુર, તા.ગરબાડા, જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત

આથી તમામ લાગતા વળગતા ઇસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ભાભોર વનીતાબેન કનુભાઈના પુત્ર નામે ભાભોર રાહુલકુમાર કનુભાઈનો જન્મ તા.૧૨/૦૧/૨૦૧૪ના રોજ ગામ. નાંદવા, તા.ગરબાડા, જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ થે. અરજદારના પુત્રના જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, નાંદવા, તા.ગરબાડા, જિ.દાહોદના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાયેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં. ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે. જે ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઇસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન-૧૫(પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

તારીખ : ૦૬/૧૧/૨૦૨૫
સ્થળ : ગરબાડા

એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને
મામલતદાર ગરબાડા

CHANGE OF NAME
I have change my old name from **NANA KHADEEJABIBI HUSEN** to New Name **BHURA KHADIJABIBI HUSEN Kindly note the same**
Sd/- Bhura Khadijabibi Husen
Passport No.N9817683
Add.: Nana Ghanchivad, Vejalpur, Ta-Kalol, Panchmahals, Gujarat-389340

CHANGE OF NAME
I have change my old name from **NANA HUSEN ABDULSATTAR** to New Name **BHURA HUSEN ABDULSATTAR Kindly note the same**
Sd/- Bhura Husen Abdulsattar
Passport No.N9818874
Add.: Nana Ghanchivad, Vejalpur, Ta-Kalol,